647510 **MA0GujCC1010** **Seat No :________**

## M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## Nov/Dec - 2022 [NEW COURSE]
## BHASHA KAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો. (૧૪)

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા.
મારી બંસીમાં...
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા.
મારી બંસીમાં....
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા.
મારી બંસીમાં....

-સુન્દરમ્

અથવા

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો.

નિરુદ્દેશે
સંસાર મુજ મુગ્ધ ભ્રમણ
પાંશુ – મલિન વેશે.
ક્યારેક મને આલિંગે છે કુસુમ કેરી ગંધ,
ક્યારેક મને સાદ કરે છે કોકિલ મધુર-કંઠ,
નેણ તો ઘેલાં થાય નિહાળી નિખિલના સહુ રંગ,
પ્રેમને સન્નિવેશે.
પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ ત્યાં જ રચું મુજ કેડી,
તેજછાયા તણે લોક, પ્રસન્ન વીણા પર પૂરવી છેડી,
એક આનંદના સાગરને જલ જાય સરી મુજ બેડી,
હું જ રહું વિલાસી સહુ સંગે ને
હું જ રહું અવશેષે.

-રાજેન્દ્ર શાહ

પ્રશ્ન.૨ ગદ્યખંડનું સાર લેખન કરી યોગ્ય શીર્ષક આપો. (૧૪)

"તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચો શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહિ પરંતુ સમાજને પણ નુકશાન પહોંચાડો છો, અને તમારી પછી આવનારાઓને ભયમાં મૂકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ થવાનો અને અનુભવવાનો સવાલ છે. આ ધર્મ છે; અને તમે જ્યારે તેને પામો ત્યારે જ તમને ધર્મ લાધ્યો દેખાય. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે : " તમે જે સાંભળ્યું હોય તેમાં શ્રદ્ધા ન રાખો, કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યાં આવ્યાં છે તો પણ ન માનો, તમારા ગુરૂઓ અને વડીલોનો આદેશ છે માટે પણ ન માનો. પણ તમારી જાતે વિચાર કરો, પૃથ્થકરણ કરી જુઓ અને જ્યારે પરિણામ સ્વીકાર્ય બને તથા સર્વ કોઈનું ભલું કરે એવું દેખાય ત્યારે તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો."

-સ્વામી વિવેકાનંદ

અથવા

પ્રશ્ન.૨ "કોઈએ બરાબર જ કહ્યું છે કે સાહિત્યના ગર્ભમાં ગમે તેટલો બોધ હોય, પણ લેખકનું કામ – એ બાળકને બહાર લાવી લોકો આગળ ધરવાનું નથી. બોધ તો સાહિત્યના વાતાવરણમાં છુપાયેલો રહેવાથી જ વધારેમાં વધારે પરિણામકારી નીવડે છે. સાહિત્ય ધન કમાવવા માટે ન હોય, કીર્તિ માટે ન હોય. આ અર્થમાં 'સાહિત્ય માટે સાહિત્ય' સૂત્ર યથાર્થ છે. દ્રવ્યનો આનંદ, કીર્તિનો આનંદ, ઈન્દ્રિયોનું સુખ વગેરે નાના મોટા પુરુષાર્થો છે. તેમ સાહિત્યનો આનંદ પણ સ્વતંત્ર પુરુષાર્થ છે. પણ ઘણાં માણસો જ્યારે સાહિત્ય માટે સાહિત્યની વાતો કરે છે ત્યારે તેમના મનમાં કાવ્યાનંદ, કલાનંદ કે સાહિત્યાનંદ નથી હોતો, તે તો કેવળ વાસનાનું ઉદ્દીપન તથા વાસનાની તૃપ્તિને જ મનમાં રાખે છે. જ્યાં વાસના આવી ત્યાં કાવ્યાનંદ ટકી શકતો નથી."

-કાકા કાલેલકર

પ્રશ્ન.3 છંદ એટલે શું? તેનાં વિવિધ પ્રકારોની ઉદાહરણ સહિત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.3 શાર્દૂલવિક્રીડિત, મનહર, મંદાક્રાન્તા છંદ સદૃષ્ટાંત વિસ્તૃત ચર્ચા કરો.

પ્રશ્ન.૪ અલંકાર એટલે શું? તેના વિવિધ પ્રકારોની છણાવટ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ અલંકારની વ્યાખ્યા આપી ઉત્પ્રેક્ષા, વર્ણાનુપ્રાસ, સજીવારોપણ, વ્યાજસ્તુતિ અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન.૫ કોઈ પણ બે ટૂંક નોંધ લખો. (૧૪)

1. પ્રૂફવાચનની મુખ્ય સંજ્ઞાઓની ઉદાહરણ સહિત સમજૂતી આપો.
2. શિખરિણી છંદ સદૃષ્ટાંત સમજાવો.
3. જોડણીના નિયમો ટૂંકમાં જણાવો.
4. પૃથ્વી છંદ સદૃષ્ટાંત ચર્ચા કરો.

*******************************